નવી બાબત વર્ષ ૨૦૨૫-૨૬.

અસ્થીવિષયક દિવ્યાંગો(Locomotor Disability) માટે ટુ-વ્હિલર ખરીદવામાં સહાય બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.,
ઠરાવ ક્રમાંક: **SJED/NWR/e-file/17/2024/2485/CHH-1**
સચિવાલય, ગાંધીનગર.
તા. /૦૪/૨૦૨૫

17 APR 2025

**વંચાણે લીધા:-**

(૧) આ વિભાગનો તા.૦૨/૦૫/૨૦૧૮ નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૨) આ વિભાગનો તા.૩૧/૦૧/૨૦૧૯નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૩) આ વિભાગનો તા.૦૭/૦૩/૨૦૧૯નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૪) આ વિભાગનો તા.૩૦/૦૧/૨૦૨૦૨૩નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૧૮/૧૧૮૦૧/ન.બા.૨/છ.૧

(૫) આ વિભાગનો તા.૦૬/૦૫/૨૦૨૩નો ઠરાવ નં.SJED/BOV/e-file/17/2022/1890/CHH-1.

(૬) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૧/૦૩/૨૦૨૫નો પત્ર નં.DSD/NIT/e-file/226/2024/1171/Planning Branch

**આમુખ :-**

વંચાણે લીધેલા ક્રમ-(૧) પરના ઠરાવથી દિવ્યાંગોને ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવાની યોજના માટે વર્ષ-૨૦૧૮/૧૯નાં અંદાજપત્રમાં મંજુર કરેલ નવી બાબતની રૂ.૧૨૫.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ. વંચાણે લીધેલા ક્રમ-(૨) પરના તા.૩૧.૦૧.૨૦૧૯ ઠરાવથી સહાયના ધોરણો અને ચુકવણીની પધ્ધતિનો સમાવેશ કરી વિગતવાર ઠરાવ બહાર પાડવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ-(3) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી તા.૩૧.૦૧.૨૦૧૯ના ઠરાવની શરત નંબર-૪,૫,૭,૯(અ) અને ૯(ક) તથા અરજી મંજૂર/નામંજૂર કરવાની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને આપવામાં આવેલ સત્તાની બાબત રદ કરી, ઠરાવની બાકીની શરતો યથાવત રાખીને નવી પાંચ શરતો ઉમેરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના તા.૦૭.૦૩.૨૦૧૯ના ઠરાવથી ઉમેરવામાં આવેલ શરતો રદ કરી નવી સાત શરતો વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના તા.૩૦.૦૧.૨૦૨૩ના ઠરાવથી ઉમેરવામાં આવેલ. અગાઉના ઠરાવોની જોગવાઇઓ એકત્ર કરીને વંચાણે લીધેલા ક્રમ-(૫) પરના ઠરાવથી એક સંકલિત ઠરાવ બહાર પાડેલ છે. આ યોજનામાં બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ નો સ્કોર અથવા S.E.C.C- ૨૦૧૧ ની જોગવાઈ તથા ઈ-સ્કુટરની જોગવાઈ દૂર કરી લાભાર્થીઓની જરૂરીયાત મુજબ ટુ-વ્હીલર આપવાની વંચાણે લીધેલ ક્રમાંક(૬) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે ઈલેક્ટ્રીક સ્કુટર ખરીદવા માટે દિવ્યાંગોને સહાય આપવાની યોજનામાં બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ નો સ્કોર અથવા S.E.C.C- ૨૦૧૧ ની જોગવાઈ તથા ઈ-સ્કુટરની જોગવાઈ દૂર કરી લાભાર્થીઓની જરૂરીયાત મુજબ ટુ-વ્હીલર (ઈ-સ્કુટર સહિત) આપવા બાબતની વર્ષ ૨૦૨૫-૨૬ની ૫૦૦ લાભાર્થીઓ માટે કુલ રૂ.૧.૨૫ કરોડની નવી બાબતને નીચેની વિગતો/શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:**

(૧) દિવ્યાંગની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જોઇશે.

(૨) આ યોજનામાં ફકત અસ્થિ વિષયક દિવ્યાંગતા (Locomotor Disability) ધરાવતા દિવ્યાંગોને લાભ મળવાપાત્ર થશે.

(૩) કોઇ પણ દિવ્યાંગને ગુજરાત સરકારની યોજનાઓ પૈકીમોટરાઇઝ્ડ ટ્રાયસીકલ અથવા ટુ વ્હિલર બંનેમાંથી કોઇ એક જ લાભ મળવાપાત્ર થશે.

(૪) અરજદાર ટુ-વ્હિલર ચલાવવા સક્ષમ હોવા જોઇશે તથા જરૂરી લાયસન્સ ધારક પણ હોવા જોઇશે.

(૫) આ યોજના હેઠળ જે જિલ્લા માટે નક્કી કરેલ લક્ષ્યાંકો કરતાં વધુ અરજીઓ આવેલ હશે તેવા કિસ્સામાં કોમ્પ્યુટરાઇઝ્ડ-ડ્રો પદ્ધતિ અનુસરવાની રહેશે.

(૬) ટુ-વ્હિલરની ખરીદી લાભાર્થીએ કોઇ પણ ટુ વ્હિલર કંપનીના ઓથોરાઇઝડ ડિલર પાસેથી પોતાના ફંડમાંથી કરવાની રહેશે અને ખરીદી અંગેનું ઓરીજનલ બીલની નકલ, આર.સી. બુકની નકલ અને ટુ-વ્હિલર સ્વીકારતો ફોટો, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને રજૂ કર્યેથી મળવાપાત્ર સહાય રૂ. ૨૫,૦૦૦/- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ જીલ્લા કક્ષાએથી જ લાભાર્થીના બેંક એકાઉન્ટમાં સીધી જ (Direct Benefit Transfer થી) જમા કરાવવાની રહેશે.

(૭) આ યોજના હેઠળ મળેલ ટુ-વ્હિલરનું લાભાર્થી પાછળથી વેચાણ ન કરે અને પોતાના કામકાજ માટે જ ટુ-વ્હિલરનો ઉપયોગ કરે તે માટે લાભાર્થી પાસેથી લેખિતમાં બાંહેધરી લેવામાં આવશે.

(૮) દિવ્યાંગોને ટુ-વ્હિલર યોજનાનો લાભ એક વખત મેળવ્યા બાદ ૧૫ વર્ષ બાદ યોજનાનો લાભ પુન: મેળવવા અરજી કરી શકશે.

(૯) આ યોજનાનો અમલ નિયામકશ્રી સમાજ સુરક્ષા, ગાંધીનગર મારફતે કરવાનો રહેશે.

(૧૦) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાએ રાખવાની રહેશે.

(૧૧) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૧૩) ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.

(૧૪) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૧૫) આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.

(૧૬) C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.

(૧૭) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૧૯) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે

(૨૦) કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે

(૨૧) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૨૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨૩) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૨૪) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૨૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૨૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૨૭) આ સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/કીટની ગુણવત્તા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૨૮) અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

(૨૯) સદરહુ યોજનાની મંજૂરી સમયે રજૂ કરવામાં આવેલ દરખાસ્તના પરિશિષ્ટમાં દર્શાવેલ સંપૂર્ણ વિગતોનુ ચુસ્તપણે પાલન કરવાની જવાબદારી નિયામકશ્રી સમાજ સુરક્ષાની રહેશે.
(૩૦) વંચાણે લીધેલ ક્રમાંક (૫) પરના વિભાગના ઠરાવ ક્રમાંક:- SJED/BOV/e-file/17/2022/1890/CHH-1, તા.૦૬/૦૫/૨૦૨૩ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ.